**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૯ ડીગ્રી
ભેજ
સવારે ૫ ટકા ● સાંજે ૨૬ ટકા

# બજારોમાં ગીફ્ટની દુકાનોમાં અવનવી વેરાયટીઓનું આગમન

## ૭મી તારીખથી વેલેન્ટાઈન વીક શરૂ : ચોકલેટમાં વેરાયટીઓ આવી, ટેડીબિયરનું વેચાણ વધ્યુ, ગીફ્ટની દુકાનોમાં નવી નવી વેરાયટીઓ આવી








ગાંધીનગર, તા. ૫
ફેબ્રુઆરીનો મહિનો પ્રેમને સમર્પિત છે. આ દિવસોમાં વાતાવરણ પણ ખુશનુમા હોય છે. ૧૪મી ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન દિવસની ઉજવણી કરવામાં આવે છે. ૭મી તારીખથી જ વિવિધ ડે ની શરૂઆત થઈ જતી હોય છે. ત્યારે શહેરમાં વિવિધ ગીફ્ટની દુકાનોમાં વેલેન્ટાઈન ડે નિમિત્તે નવી નવી ગીફ્ટનું આગમન થઈ ગયુ છે. વિવિધ પ્રકારની ચોકલેટો, રંગબેરંગી ટેડીબિયર, કાર્ડસ, કપલ વૉચ, કપલ આર્ટ, ગુલાબ વિગેરે વેલેન્ટાઈન વીકમાં ડિમાન્ડમાં જોવા મળે છે. વેલેન્ટાઈન ડે ના અવસર પર કપલ્સ ડિનર કે લંચ ડેટ અને ટ્રાવેલિંગનો પ્લાન બનાવે છે અને પાર્ટનરને સ્પેશિયલ ફીલ કરાવવા માટે એકબીજાને ગીફ્ટ આપે છે. વેલેન્ટાઈન વીક ૭મી તારીખથી શરૂ થવા જઈ રહ્યું છે જેમાં ૭ તારીખે રોઝ ડે, ૮મીએ પ્રપોઝ ડે, ૯મીએ ચોકલેટ ડે, ૧૦મીએ ટેડી ડે, ૧૧મીએ પ્રોમિસ ડે, ૧૨મીએ હગ ડે, ૧૩મીએ કિસ ડે અને ૧૪મી તારીખે વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરવામાં આવશે. શહેરમાં વિવિધ ગીફ્ટની દુકાનો ઉપરાંત શહેરના ફૂટપાથ ઉપર પણ રંગબેરંગી ટેડીબિયરનું વેચાણ શરૂ થઈ ગયું છે. બજારોમાં ૧૦ રૂપિયાથી માંડીને હજારોની કિંમતની ગીફ્ટ-ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે. જ્યારે વેલેન્ટાઈન ડેની ખરીદી માટે ગીફ્ટની અવનવી આઈટમો લઈને દુકાનદારો પણ હવે જુદુ જુદુ કલેક્શન રાખી રહ્યા છે અને ખાસ કરીને હવે એ સમય આવી રહ્યો છે કે વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરવા માટે યુવા હૈયાઓ સેલિબ્રેશન કરતા હોય છે. વેલેન્ટાઈન સ્પેશિયલ ગીફ્ટમાં ટચવાળા લવ મીટર, બોક્સ પેકમાં ડિફરન્ટ વેરાયટી મુકવી, પર્સનલાઈઝ્ડ ગીફ્ટનો પણ ક્રેઝ વધી ગયો છે. મેજિક પીલો અને એલઈડી પીલો તેમજ પીલોની પણ અલગ અલગ વેરાયટી ઉપરાંત અવનવી ગીફ્ટ બિનચેમ્પ અને પ્રમના પ્રતિકરૂપે લવ કાર્ડનું પણ બજારમાં ખૂબ ક્રેઝ જોવા મળે છે. જ્યારે યુવા ગ્રાહકોને દર વર્ષે કંઈક નવું આપવા માટે દુકાનદારો પણ ભારે કલેક્શન ભેગુ કરતા હોય છે.

# ટીસીએસ મેરેથોન દોડમાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના સભ્યોને ફિનિશર મેડલ




ગાંધીનગર, તા.૫
અમદાવાદ ખાતે રવિવાર સવારે ટીસીએસ દ્વારા કોર્પોરેટ રનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ૧૦ કિલોમીટર રનમાં વિવિધ કોર્પોરેટ ક્ષેત્રની કંપનીના સભ્યોએ રનમાં ભાગ લીધો હતો. આ રનમાં વિવિધ કોર્પોરેટ કંપનીના લગભગ ૩૦૦૦ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો. ગાંધીનગર રનર્સ ગ્રૂપના કલ્પતરુ, અદાણી અને ટીસીએસ કંપનીના રનર્સે આ મેરેથોનમાં ભાગ લઈ ફિનીશરનો મૅડલ જીત્યો હતો. આ રનર્સમાં કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન કંપનીના સંજય થોરાત, અદાણીના પ્રદીપ ગેહલોત, દુર્ગેશ પંચાલ, ટીસીએસના આશિષ દવે, બીજુ પિલ્લાઈ, શીબુ પિલ્લાઈ, પ્રિયા પિલ્લાઈ, અનુપ પિલ્લાઈ, અનુ અનુપ, દિયા નાયર, ધારા ઝિંઝુવાડિયા, નિકેતા, પ્રવીણ મુંદ્રા જેવા રનર્સે ભાગ લીધો હતો. ગાંધીનગરના પ્રજ્ઞા ગજ્જર દ્વારા રનર્સને સવારે જુમ્બા ડાન્સ કરાવવામાં આવ્યો હતો. ટીસીએસ રનમાં ગાંધીનગરની રનર્સ બેલડી શૈલેષ ભાટી અને મયંકા શર્માએ ભાગ લઈ વિજયી દેખાવ કર્યો હતો. મયંકા રનર્સ અપ વિજેતા જાહેર થઈ હતી જેને વિજેતા ટ્રોફી અને સાયકલ ઈનામમાં મળી હતી. ઉલ્લેખનીય છે કે મયંકા એક દોઢ વર્ષના દિકરાની મા છે. ટીસીએસ દ્વારા આયોજિત કરવામાં આવતી રનનું કોર્પોરેટ ક્ષેત્રે અનોખું આકર્ષણ રહેલું છે. ગાંધીનગર રનર્સ ગ્રૂપના સૌ સભ્યો અભિનંદનને પાત્ર છે.

# બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે યોજાયો નિઃશુલ્ક મેડિકલ કેમ્પ

ગાંધીનગર, તા. ૫
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર.૨૮, ગાંધીનગર ખાતેના પીસપાર્ક હૉલમાં ૫, ફેબ્રુઆરી, રવિવારે સવારે ૯ થી ૧૨ નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો.



ગાંધીનગરની સૌ પ્રથમ હિન્દી વેબ ન્યૂઝ ચેનલ તસ્વિરે ગાંધીનગરના ના ન્યૂઝ રીડર કુમારી રિયા કશ્યપભાઈ નિમાવતના જન્મ દિવસની અનોખી ઉજવણી રૂપે 'તસવિરે ગાંધીનગર' દ્વારા બ્રહ્માકુમારીઝ, "તેજ આઈ સેન્ટર", ઈન્ડિયન રેડક્રોસ, ગાંધીનગર જિલ્લા શાખા તેમજ સ્કાઈ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ તેમજ નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરના સહયોગથી "નિશુલ્ક મેડિકલ કેમ્પ"નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ નિઃશુલ્ક મેડિકલ કેમ્પમાં આંખોની તપાસ, હદયરોગ પ્રાથમિક તપાસ, કાન, નાક, ગળા, ડાયાબિટીઝ, બીપીની તપાસ, નવજાત શિશુ તેમજ નાના બાળકોની તપાસ, ફિઝિયોથેરાપી અંગે પ્રાથમિક માર્ગદર્શન અને નિશુલ્ક તપાસ કરવામાં આવેલ. અનીસ પરીખ તરફથી સાંધાના દુખાવા માટે માલિશ કરી આવી હતી. સાથે સાથે પુષ્પ નક્ષત્ર નિમિત્તે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા શુન્ય થી ૧૨ વર્ષ સુધીના બાળકોને ફ્રી સુવર્ણપ્રાશન પીવડાવવામાં આવ્યું હતું.

બ્રહ્મા કુમારીઝ તરફથી સેવાકેન્દ્ર પ્રભારી કૈલાશદીદીજી દ્વારા સૌ ડોક્ટર્સ અને મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કૈલાશદીદીજી, ભ્રાતા અશ્વિનભાઈ ત્રિવેદી, ડૉ. હાર્દિક પટેલ, ડૉ. સતીશ પરમાર, મહેન્દ્ર ગજ્જર, ડૉ.હાર્દિક તલાટી. પાર્થ ઠક્કર, હર્ષાબા ધાંધલ, કુ. રિયા નિમાવત, કશ્યપભાઈ નિમાવત, ડૉ. બોની ગજ્જર, ડૉ. દેવી ગજ્જર, રોટ.કિંજલ ત્રિવેદી દ્વારા મંગલ દીપ પ્રગટાવી કેમ્પનું શુભ ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

# મારાથી જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી રક્તદાન કરતા જ રહેવું છે..!!

## ગાંધીનગરના સેવાભાવી સુકેતુ મેહતા ૧૫૦ વાર રક્તદાન કરી ચુક્યાં છે : તેમના ધર્મપત્નિએ પણ ૫૬ વાર અને દિકરીએ ૧૪ વાર રક્તદાન કર્યુ છે : પતિ-પત્નિ થેલેસેમિયા, કેન્સર જેવા રોગો સહિત અંગદાન અંગે જાગૃતિ ફેલાવવા સાથે અનેકવિધ સેવાકાર્યો પણ કરતા રહે છે.



**સંબંધ સજાવે જિંદગી**
સમીર રામી

ગાંધીનગર, તા. ૫
ગાંધીનગર રક્તદાન પ્રવૃતિ માટે ખૂબ જ જાગૃતિ ધરાવતું શહેર છે જેમાં શહેરમાં સેવાની અલખની જ્યોતને પ્રગટાવનાર સ્વ.જી.એન.ખારોડથી માંડીને આજના અનેક યુવા રક્તદાતાઓનો સિંહફાળો છે. શહેરમાં નોંધપાત્ર સંખ્યામાં સેન્ચ્યુરિયન રક્તદાતાઓ છે અને જ્યારે વર્ષ-૨૦૧૭માં ઓગસ્ટ માસમાં ગુજરાતના તત્કાલીન રાજ્યપાલ ઓ. પી. કોહલી દ્વારા રાજભવન ખાતે યોજવામાં આવેલી રક્તદાન શિબિરમાં રાજ્યના ૪૨ સેન્ચુરિયન રકતદાતાઓનું સન્માન કરાયું હતું તેમાં ગાંધીનગરના સેન્ચુરિયન રકતદાતાઓમાં પ્રથમ ક્રમે શશિકાંત મોઢા પછી દ્વિતિય ક્રમે ૧૩૫ વાર રક્તદાન સાથે સુકેતુ મહેતા હતા જેઓ વયની દષ્ટિએ તે વખતે પાટનગરના સૌથી નાની વયના સેન્ચુરિયન રકતદાતા બન્યા હતા. આજે તેઓ શહેરમાં ૧૫૦વાર રક્તદાન કરનાર એકમાત્ર રક્તદાતા છે અને તાજેતરમાં જ તેમને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત રાજ્ય શાખા દ્વારા આ સિદ્ધિ માટે એક સુંદર ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સૌથી નોંધપાત્ર બાબત તો એ છે કે સુકેતુ મેહતાના ધર્મપત્નિ જિજ્ઞાષા મેહતાએ પણ ૫૬ વાર રક્તદાન કર્યુ છે અને પરણીને યુએસએના શિકાગો ખાતે રહેતી તેમની દિકરી નિધિએ પણ અત્યાર સુધીમાં ૧૪ વાર રક્તદાન કર્યુ છે. આગામી રવિવારે તા. ૧૨મી ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ હેપ્પી યુથ કલબ અને સર્જન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં તેઓ ૧૫૧મી વાર રક્તદાન કરવા સાથે શહેરના સેન્ચ્યુરિયન રક્તદાતાઓ અને ૨૫ કે તેથી વધુ વાર રક્તદાન કરનાર મહિલા રક્તદાતાઓનું સન્માન પણ કરવાના છે.

વર્ષો પહેલાં મુંબઈમાં સ્થાયી થયેલા મૂળ અમરેલી જિલ્લાના સાગરકાંઠાના ઊનાના વણિક પરિવારમાં જન્મેલા સુકત મહેતા બૃહદ મુંબઈ રાજયમાંથી ગુજરાત રાજય અલગ પડતા તેમના સરકારી કર્મચારી પિતાની નોકરી અમદાવાદ ખાતે શિફ્ટ થતાં પહેલા દરિયાખાન ધુમ્મટ 'એ' કોલોની અને ત્યારબાદ ગાંધીનગર પરિવાર સહિત સ્થાયી થયા હતા. ત્રણ ભાઈઓમાં સૌથી નાના એવા સુકેતુભાઈએ ૧૯૮૩માં તેમના સે.૧૫ની સરકારી કોમર્સ કોલેજમાં અભ્યાસ દરમ્યાન જ યોજાયેલા રક્તદાન કેમ્પમાં પહેલીવાર રક્તદાન કર્યુ હતું અને યોગાનુયોગ તે દિવસે તા.૩જી માર્ચ તેમનો જન્મદિવસ હતો અને ત્યારે જ તેમને ખબર પડી હતી કે તેમનું બ્લડ ગૃપ "બી-પોઝિટિવ" છે અને તેમણે ત્યારથી જ જીવનમાં હંમેશા "પોઝિટિવ" રહેવાનું નક્કી કરી લીધું હતું. કોલેજ પુરી થઈને ટોરેન્ટ પાવર કંપનીમાં પ્રથમ નોકરી પણ મેળવી લીધી અને કોલેજ કાળ દરમિયાન જ જિજ્ઞાષા ભટ્ટ નામની સહઅધ્યાયી નામે પ્રેમલગ્ન કરી લીધા હતા જેમને સરકારી નોકરી મળી અને તેમણે પણ જીવનમાં સુકેતુભાઈ સાથે રકતદાનને અપનાવ્યું હતું. આ ગુણો તેમની દિકરી નિધિમાં પણ વિકસ્યાં અને તેણે એકવાર સુકેતુભાઈના જન્મદિન હતો તે દિવસે તેણે વડોદરા એમ.એસ.યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી હતી ત્યાં કેમ્પસમાં યોજાયેલા રકતદાન શિબિરમાં પહેલીવાર 'રકતદાન' કરી પિતાને બર્થડે ગીફ્ટ આપી હતી. અત્યારે તે પરણીને અમેરિકામાં સ્થાયી છે પરંતુ ત્યાં પણ તે રક્તદાનની સેવા કરે છે અને તે પન અત્યાર સુધીમાં ૧૪ વાર રક્તદાન કરી ચુકી છે.









સુકેતુભાઈ મોટે ભાગે જરૂરિયાતમંદને અણીના સમયે કતદાનની સેવા પુરી પાડે છે તેમાં એકવાર ૧૯૮૬માં એક અત્યંત ગરીબ પરીવારની દિકરી માટે મધરાતે સિવિલ હોસ્પિટલમાં રકતદાન કરવા ગયા તે સમયે કોફી પણ બહારથી લાવવી પડતી હતી. તેમને અપાયેલી કૉફીમાં ફુડ પોઈઝનીંગ થયેલું હોવાથી સુકેતુભાઈની તબિયત એટલી લથડી કે દિવસો સુધી હોસ્પિટલમાં દાખલ રાખવ પડયા અને બે દિવસ તો બરફની પાટ પર સુવડાવવા પડ્યાં હતા. તબીબોએ તો તેમના બચવા અંગે જ શંકા વ્યકત કરી હતી. જોકે સુકેતુભાઈ સાજા તો થઈ ગયા પરંતુ પછીના દોઢ વર્ષ સુધી રકતદાન નહોતા કરી શકયા. ઘણાં સમયથી નોકરી છોડીને રાજસ્થાન રોડલાઈન્સના નામથી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતાં સુકેતુભાઈ રકતદાન પ્રવૃત્તિ સાથે શહેરની કોલેજ-યુનિવર્સિટીઓમાં યુવાનોને થેલેસેમિયા જેવા મહારોગ અંગે જાગૃતિ ફેલાવવા માર્ગદર્શન આપે છે અને તે સાથે તેઓ જરૂરિયાતમંદ વર્ગના એચઆઈવી પોઝિટિવ દર્દીઓના પરિવારોને નિયમિત દર મહિને કરિયાણાની કીટ પુરી પાડવા સહિતની વિવિધ સેવાકિય પ્રવૃતિઓ સાથે પણ જોડાયેલાં છે. પોતાના સાળા પ્રજ્ઞેશ ભટ્ટના બ્રેઈન ટ્યુમરને કારણે થયેલાં અવસાન બાદ તેમના તમામ મહત્વના અંગોનું દાન કરાવનાર સુકેતુભાઈ એ તે દિવસથી યુવાનોમાં અંગદાન અંગે જાગૃતિ ફેલાવવાનું કામ પણ શરૂ કરી દીધું છે. બે વાર મુખ્યમંત્રી અને સાતેક વાર રાજ્યપાલ ઉપરાંત અનેક સામાજિક સંસ્થાઓ દ્વારા સન્માનિત થઈ ચુકેલાં સુકેતુ મેહતાએ પોતે સર્જન ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી છે એટલું જ નહીં પરંતુ તેમની પ્રેરણાથી શહેરમાં આ લખનાર દ્વારા વર્ષ ૨૦૧૬માં શરૂ કરવામાં આવેલી હેપ્પી યુથ ક્લબ સહિત અનેક સંસ્થાઓ રક્તદાન સહિતની સેવાકિય પ્રવૃતિઓ કરે છે એટલું જ નહીં પરંતુ તેમણે કોલેજના યુવાનોને આપેલી પ્રેરણાને કારણે રાજ્યભરમાં અનેક યુવાનો અભ્યાસ બાદ પોતાના વતનમાં પરત ફરીને રક્તદાન શિબિરના અયોજનો કરતાં હોય તેવા પણ દાખલાં મોજુદ છે.

સુકેતુ મેહતાના ધર્મપત્નિ જિજ્ઞાષા મેહતાને વર્ષ ૨૦૧૬માં કેન્સરનું નિદાન થયું હતું અને તેની કપરી સારવારમાંથી તેઓ સહીસલામત બહાર આવી ગયાં છે પરંતુ તે કારણે તેમની રક્તદાનની સેવા બંધ થઈ જવા પામી છે. જોકે સેવામાં હંમેશા પતિના પડખે રહેતા જિજ્ઞાષાબેન સુકેતુભાઈ સાથે મળીને હવે કેન્સરના દર્દીઓને આ મહારોગ સામે "પોઝિટિવ એટીટ્યુડ"થી લડવા માનસિક રીતે તૈયાર કરવાનું કાઉન્સેલિંગ કરવાની સેવા આપે છે. તેમનું માનવું છે કે "સમાજે મને ઘણું આપ્યું છે અને ઈશ્વરે તો મને મારી લાયકાત કરતાં પણ વિશેષ આપ્યું છે જેનું ઋણ મારે ચુકવવું જ પડે." સુકેતુભાઈ તો હંમેશા કહે છે કે "મારું તો લોહી જ બી-પોઝિટિવ છે અને હું જીવનમાં હંમેશા પોઝિટિવ જ રહું છું. મારે તો મારાથી જ્યાં સુધી થઈ શકે ત્યાં સુધી રક્તદાન કરતા રહેવું જ છે."

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

## જન્મદિને વધામણી


રિયા કુંજલભાઈ પટેલ
મો. ૯૯૯૮૭૪૭૫૪૪


રિયાન કુંજલભાઈ પટેલ
મો. ૯૯૯૮૭૪૭૫૪૪


કિયાન જીગરકુમાર શ્રીમાળી
મો. ૮૪૯૦૮૪૭૭૯૯


રિપા તુષારભાઈ દવે

# વરદાયિની માતાજી મંદિરમાં જય અંબે પરિવાર દ્વારા સ્વાધ્યાય



ગાંધીનગર,તા. ૫
મહા સુદ પૂનમ અને રવિવારે જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સેક્ટર ૧૩બી ના શક્તિ ચોકથી રૂપાલ વરદાયિની માતાજીના દર્શનાર્થે પદયાત્રા સંઘ કાઢવામાં આવ્યો હતો. રૂપાલ પહોંચી વરદાયિની માતાજી સંકુલમાં આ પૂનમનો 'મા જગદંબા ભક્તિ વંદના સ્વાધ્યાય' કરવામાં આવ્યો હતો. જય અંબે પરિવારની ગાંધીનગરથી અંબાજીની પદયાત્રાનું આ ૩૫ મુ વર્ષ હોવાથી વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યા છે.


હરિપુરા બોરિયા ગામમાં ચામુંડા માતાજીના ફોટો પ્રતિષ્ઠામા ૩૫ દક્ષિણ વિધાનસભા ધારાસભ્ય શ્રી અલ્પેશજી ઠાકોર સાહેબ હાજરી આપી હતી.